બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ

**ઘણો જ મહત્ત્વનો નવો ફત્વો :**

**મહોતરમ વાંચક મિત્રો, અસ્સલામુ અલયકુમ વ. વ.**

**નીચે અમારા તરફથી એક પ્રશ્નના સંદર્ભમાં મુહર્રમ ૧૪૩૧ હિજરીનો ઘણો જ મહત્ત્વનો જવાબી ફત્વો પ્રથમ વખતે પ્રકાશિત થઈ રહ્યો છે, જેમાં છે ''જે દેશોમાં ચાંદની સાબિતી માટે ૨૯મીની રાત્રે ન્યુ મૂન થિયરીની ચાંદ દેખાવાની સંભાવનાના હિસાબોની શરત કરવામાં આવતી હોય (જેમકે ''મોરક્કો, દક્ષિણ આફ્રિકા અને બીજા દેશો બ્રિટન વગેરે) જેમકે નવો ચાંદ થઈ જાય અને ત્યાર પછી અઢાર કલાકો પણ પસાર થઈ જાય, ત્યાર પછી પણ ચાંદ જોવામાં આવ્યો હોય તો આકાશી રૂયતની સંભાવનાની શરતમાં આવા ફૈંસલા ઉપર અમલ કરવો અથવા કરાવવો જાઇઝ નથી. વળી આ ફત્વામાં આ પણ છે કે, ''જે ૨૯મીના દિવસની સાંજે મૌસમ વાદળ છવાયેલું હોય તે દિવસે ચંદ્રની ગવાહીને ઘણા મોટા સમૂહની શરત સાથે જોડવું પણ નાજાઇઝ છે.''**

**ફત્વો; જવાબ :**

હામિદં વ મુસલ્લિયં વ મુસલ્લિમા

**જવાબ નં. (૧)** આકાશી વેધશાળાના હિસાબોની થિયરી અને મિતૂની ચક્રના હિસાબોના સંભવિત ન્યુ મૂન અને તેના સંભવિત રૂયતના હિસાબોને શરઈ હિલાલની સાબિતી સ્વરૂપે અથવા તેની મદદ કે સમર્થન સ્વરૂપે લોકોના મોટા સમૂહની બુનિયાદ સ્વરૂપે શરત કરવું જાઇઝ નથી.

**જવાબ નં. (૨) :** મોરક્કો અથવા દક્ષિણ આફ્રિકા અથવા કોઈ અન્ય સ્થળે ચંદ્રની રૂયત અથવા ચંદ્રની સાબિતીનો આવો ફૈંસલો જે નબવી તરીકાથી વિપરીત ન્યુ મૂનના મિતૂની હિસાબોના સંભવિત રૂયતના આધાર સાથે શરતી કરવામાં આવી હોય, એવા કોઈ ફૈંસલા ઉપર અમલ કરવો અથવા કરાવવો જાઇઝ નથી. જો સાઉદીયામાં ''ખરેખર નબવી તરીકા ઉપર હિલાલની સાબિતીનો રમઝાન અને ઈદો માટે ફૈંસલો થતો હોય છે.'' (હા ! નિશ્ચિત ત્યાં નબવી તરીકા ઉપર અમલ થાય છે). તો સાઉદીયાની શરઈ તરીકા ઉપર આધારિત હિલાલની સાબિતીના એ'લાનના આધાર ઉપર બ્રિટનની મરકઝી રૂયતે હિલાલ કમિટી તરફથી બ્રિટનમાં એ'લાન કરવું જરૂરી છે.

**જવાબ નં. (૩) :** જે ૨૯મીએ ક્ષિતિજ સાફ ન હોય તે દિવસને શરઈ હિલાલની સાબિતી માટે ખગોળીય ગણતરીઓના વેધશાળાના સંભવિત રૂયત ન હોવાના આધાર ઉપર લોકોના મોટા સમૂહની શરત લગાવવી બરાબર નથી.

ફક્ત વસ્સલામ. વલ્લાહુ અઅ્લમુ.

**સહી** (સદર મુફતી મવલાના) આદમ ભીલૂની (પાલનપુરી).
ખાદિમ : શોઅ્બએ ઈફતા, દારુલ ઉલૂમ જામિઅહ નઝીરિય્યહ,
મુ. કાકોસી, જિ. પાટણ, ઉત્તર ગુજરાત, ઈન્ડિયા
૨૦ મુહર્રમ, ૧૪૩૧ હિજરી
(સિક્કો)

---

**નોટ :** વિગતવાર સંપૂર્ણ સવાલ–જવાબ સાથે અમારી વેબસાઈટ www.hizbululama.org.uk ઉપર જોઈ શકાય છે.